# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલિટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જૂનાગઢ . ગુજરાત (ભારત)

ફોન નં. : ૦૨૮૫-૨૬૮૧૪૦૦

Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


**પરિપત્ર :-**

**વિષય: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન બી.એડ./એમ.એડ. કોલેજોની સ્ટાફ પ્રોફાઈલ મંજુર કરવા બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ./એમ.એડ. કોલેજોના સંચાલકશ્રીઓ/ આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે બી.એડ./એમ.એડ. કોલેજો ધ્વારા NCTEની કવેરી સંદર્ભે જે-તે વર્ષની સ્ટાફ પ્રોફાઈલ મંજુર કરવા અરજી કરવામાં આવે છે. આ સંદર્ભમાં જે કોલેજો/ સંસ્થાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની માન્યતા ધરાવતા તેમજ અત્રેની યુનિવર્સિટી ધ્વારા અધ્યાપકની નિમણુંક અંગેની પ્રક્રિયા થઇ હોય તેવા અધ્યાપકોની પ્રોફાઈલ મંજુર કરવા અંગે એકેડેમિક વિભાગ ધ્વારા સૂચવવામાં આવતા દસ્તાવેજો ઉપરાંત સંચાલકશ્રી ધ્વારા જે-તે અધ્યાપક અન્ય જગ્યાએ નોકરી કરતા નથી તે અંગે રૂ. ૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર એફિડેવિટ આપવાનું રહેશે. ઉપરાંત પ્રત્યેક અધ્યાપક ધ્વારા લઘુત્તમ લાયકાત પૂર્ણ કરવા અંગેની વ્યક્તિગત બાંયધરી સામેલ હોવી જોઈએ.

ઉપરોક્ત બાબતે સ્ટાફ પ્રોફાઈલ રજુ કરતા સમયે પુરતા દસ્તાવેજ સામેલ રાખેલ નહી હોય તો સ્ટાફ પ્રોફાઈલ મંજુર કરવામાં નહી આવે જેની સંપૂર્ણ જવાબદારી જે-તે સંસ્થા/કોલેજની રહેશે.

સ્ટાફ પ્રોફાઈલ બાબતે જે-તે સંસ્થા/કોલેજ ધ્વારા આપવામાં આવેલ માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરે તેવી જણાશે તો યુનિવર્સિટી ધ્વારા કાયદેસરની તેમજ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે ઉપરાંત NCTEમાં જે-તે સંસ્થાનું જોડાણ રદ કરવા જણાવવામાં આવશે.

રજીસ્ટ્રાર
(OSD)

ક્રમાંક:બીકેએનએમયુ/એકેડેમિક/ ૦૬ /૨૦૧૮-૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા:૦૨/૦૪/૨૦૧૮

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે બી.એડ./એમ.એડ. કોલેજોના સંચાલકશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ .....

**નકલ સાદર રવાના :**
(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
૧) આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ......